DATE :- 09-09-2025

SANDESH, PAGE - 07, SURAT

સુરત મેટ્રો પ્રોજેક્ટ » સારોલી નાળા અને રઘુકુળ માર્કેટ પાસે બન્ને ગર્ડર તૈયાર કરવામાં છ મહિના લાગ્યા

# મેટ્રોના બે સ્થળે ૨૫૮ ફૂટ લાંબો ગર્ડર મૂકવાની તૈયારી

## ૮૧૦ મેટ્રિક ટન ભારેખમ વેબ ગર્ડર મૂકવા ૨૪ જેક અને હિલમેન રોલરની મદદ લેવાશે

। સુરત ।

સુરતીઓ માટે ઝડપી ટ્રાન્સપોર્ટેશનનો નવો વિકલ્પ એટલે કે મેટ્રો પ્રોજેક્ટની કામગીરી કોરિડોર-૨ પર ઝડપથી પૂરી કરવા માટેના તમામ પ્રયાસો જારી છે. નજીકના દિવસોમાં સારોલી નાળા પાસે ૨૫૮ ફૂટ લાંબો વેબ ગર્ડર મૂકવાનું આયોજન હાથ ધરાયું છે. આ વેબ ગર્ડરનું વજન ૮૧૦ મેટ્રીક ટન છે. ગુજરાતના મેટ્રો પ્રોજેક્ટોમાં આટલો લાંબો અને વજનદાર હોય તેવો પ્રથમ ગર્ડર છે. વજન વધારે હોવાથી તેને ૨૪ અલગ-અલગ પ્રકારના જેક મશીન દ્વારા ઊંચકવામાં આવશે.

લોકોમાં મેટ્રોનું કામ પૂરું થવાની આતુરતા અને ટ્રાફિકની સતત રજૂઆતો વચ્ચે કોરિડોર-૨ એટલે કે સારોલીથી ભેંસાણ વચ્ચેના રૂટ પર પણ ટ્રેક બિછાવવાની શરૂઆત થઈ ગઈ છે. જેના ભાગરૂપે આગામી દિવસોમાં સૌપ્રથમ સારોલી નાળા પાસે ત્યાર પછી રઘુકુળ માર્કેટ પાસે ગરનાળા નજીક અલગ-અલગ ૨૫૮ ફૂટના વેબ ગર્ડર મૂકવામાં આવશે. વધુમાં જાણવા મળેલી માહિતી મુજબ બન્ને વેબ ગર્ડર જ્યાં મૂકવાના છે તેની પાસે જ એસેમ્બલ કરવામાં આવ્યા છે. જેમાં ૬ મહિનાનો સમય લાગ્યો છે. નજીકનાં દિવસોમાં બન્ને ગર્ડરને પિલર પર મૂકવામાં આવશે ત્યારે ૨૪ અલગ-અલગ પ્રકારના જેક મશીનો અને હિલમેન રોલરનો ઉપયોગ કરી પુશિંગ પદ્ધતિ દ્વારા ગર્ડરને પિલર પર મુકાશે. જેને ફિટ કરવા માટે આશરે ૪૯ હજાર બોલ્ટનો ઉપયોગ કરાશે.



### કોરિડોર-૨ પર ઝડપથી ટ્રેક બિછાવવાનું કામ ચાલુ

કોરિડોર-૧ એટલે કે સરથાણા જકાતનાકાથી ડાયમંડ બુર્સ વચ્ચેનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. હાલમાં જ ડાઉન લાઇન ટનલનું કામ પૂરું થયું હતું જ્યારે અલથાણથી ડાયમંડ બુર્સની વચ્ચે ટ્રેક પણ બિછાવાઇ રહી છે ત્યારે કોરિડોર-૨ પર પણ ટ્રેક બિછાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

### બંને સ્થળોએ રોડની સપાટીથી ૪.૫ મીટર ઊંચાઇએ સ્પાન એસેમ્બલ કરાયા

બન્ને સ્થળો પર મોસમ સ્થિર થયા બાદ કામ શરૂ કરવામાં આવશે. ૮૧૦ મેટ્રીક ટન કિલો વજન ધરાવતા વેબ ગર્ડરને એક જગ્યાથી બીજી જગ્યાએ લઇ જવાનું ખૂબ મુશ્કેલ હોવાથી મેટ્રોના એન્જિનિયરોએ બન્ને ગર્ડર જ્યાં મુકાશે તેના નજીકમાં જ એસેમ્બલ કર્યા છે. રોડની સપાટીથી આશરે ૪.૫ મીટર ઊંચાઇએ એસેમ્બલ કરવામાં આવેલા ગર્ડરને જેક મશીનની મદદથી ૯ મીટર ઊંચાઇ સુધી ઊંચકીને બ્રિજ પર મૂકવામાં આવશે. ઉલ્લેખનીય છે કે બન્ને સ્પાન કોરિડોર-૨ના રૂટમાં જ મૂકવામાં આવશે. ચાલુ મહિનાના અંત સુધીમાં બન્ને ગર્ડર મૂકવામાં આવે તેવી શક્યતા છે.